Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૧૯ માર્ચ, ૨૦૨૦/12549

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા**
*માનનીય મંત્રીશ્રી*
ગૃહ અને ન્યાય વિભાગ
ત્રીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૦૦૧૦.

**વિષયઃ કારખાનામાં થતા અકસ્માત સમયે થતી કાર્યવાહી બાબત.**

**માનનીય મંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

આપશ્રીના ધ્યાને લાવવાનું કે રાજયના તમામ ઉદ્યોગો ફેક્ટરી એક્ટ હેઠળ નોંધાયેલ હોય છે અને કોઇ પણ કારણસર અકસ્માત થાય ત્યારે આ અંગે સૌ પ્રથમ ફેક્ટરી ઇન્સપેક્ટર દ્વારા યોગ્ય તપાસ થાય અને તેમનો રીપોર્ટ આવે ત્યારબાદ જ કાર્યવાહી થવી જોઇએ. પરંતુ પોલીસ તાત્કાલિક ધોરણે આઇ.પી.સી.૩૦૪/૩૦૪(એ) ની કલમ હેઠળ કેસ કરી ફેક્ટરી માલીકને તાત્કાલિક ધોરણે જેલ કરી દે છે. વધુમાં જી.પી.સી.બી. દ્વારા પણ કડક કાર્યવાહી કરવા કરવામાં આવે છે અને યુનિટોને બંધ કરી પાવર અને પાણી બંધ કરી દેવામાં આવે છે અને મોટી રકમમાં દંડ વસૂલવામાં આવે છે જેથી કરીને ફેક્ટરી માલીકને ખૂબજ મોટી રકમમાં બેન્ક ગેરન્ટી પણ આપવી પડે છે જેથી તેમને આર્થિક રીતે ખૂબ મોટું સંકટ આવી પડે છે.

સાહેબશ્રી, આ બધાં કારણોસર વર્તમાન ધંધા પર વિપરીત અસર પડે જ અને નવી પેઢી કોઇ પણ નવું સાહસ કરતાં પહેલા અચકાય છે. જો આપશ્રીના વિભાગ દ્વારા અકસ્માતોના પ્રકારો અને તેની સજા સુનિશ્ચિત કરવામાં આવે અને ફેક્ટરી ઇન્સપેક્ટર તરફથી તકેદારીના ભાગરૂપે શિસ્તના પગલા લેવામાં આવે તો અમારું માનવું છે કે રાજયમાં આવા અકસ્માતના કિસ્સાઓ ઓછા કરવામાં ઘણી સફળતા મળી રહેશે.

આપશ્રી અમારી રજૂઆતને ગંભીરતાથી ધ્યાને લેશો અને કલમ-૩૦૪/૩૦૪(એ) અંતર્ગત જરૂરી બદલાવ કરશો તેવી આશા સહ.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org